**Bhakta Kavi Narsinh Mehta University**
Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya,
Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com

**પરીપત્ર**

**વિષય : યુ.જી. સેમ. ૫ (પૂરક પરીક્ષા) ની પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની પરીક્ષા કોલેજ કક્ષાએથી લેવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, પ્રત્યેક વર્ષે યુ.જી. સેમ.-૫ (રેગ્યુલર તેમજ પૂરક) ની પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની પરીક્ષાનું ઓફલાઇન આયોજન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતુ હતું જેમાં યુનિવર્સિટી દ્વારા નિમાયેલ પરીક્ષક કોલેજ કક્ષાએ રૂબરૂ જઇને વિદ્યાર્થીઓની પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની પરીક્ષા લીધા બાદ તેની માર્કશીટ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમાં કરવામાં આવતી હતી.

કોવીડ-૧૯ ની પરિસ્થિતિને ધ્યાને લઇ માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ માટે યુ.જી. સેમ. ૫ (પૂરક પરીક્ષા) ની પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની પરીક્ષા કોલેજ કક્ષાએથી જે-તે વિષયના યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપક દ્વારા લેવાની રહેશે. કોલેજ દ્વારા પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની પરીક્ષાનું આયોજન તા. ૧૦/૦૭/૨૦૨૧ થી તા. ૧૭/૦૭/૨૦૨૧ દરમ્યાન ઓફલાઇન/ઓનલાઇન માધ્યમ દ્વારા કરવાનું રહેશે તેમજ તેની માર્કશીટ તા.૨૦/૦૭/૨૦૨૧ સુધીમાં યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. યુનિ. માં માર્કશીટ જમા કરાવેલ છે તેના આધાર પુરાવા માટે તેની પહોંચ(રીસીપ્ટ) પરીક્ષા વિભાગમાંથી મેળવી કોલેજે પોતાના રેકોર્ડમાં રાખવી. કોલેજે વિદ્યાર્થીઓને પ્રેકટીકલ/પ્રોજેકટ/વાઇવાની તારીખ અંગેની જાણ કરવાની રહેશે.

વિદ્યાર્થીના માર્કસ મુકવા માટેની માર્કશીટ તેમજ હાજર/ગેરહાજર રીપોર્ટ અત્રેની યુનિવર્સિટીના G.I.P.L. સોફ્ટવેરમાં કોલેજે પોતાનું લોગીન કરી નીચે મુજબના સ્ટેપ અનુસરી PDF સ્વરૂપે ડાઉનલોડ કરી તેમાં માર્કસ મુકવાના રહેશે. જો પરીક્ષાનું ઓફલાઇન આયોજન કરવામાં આવે તો હાજર/ગેરહાજર રીપોર્ટમાં વિદ્યાર્થીની સહી સાથેનો રીપોર્ટ જમા કરાવવો ફરજીયાત રહેશે. અન્ય કોઇ પણ પ્રકારના ફોર્મેટમાં માર્કસ સ્વીકારવામાં આવશે નહી જેની તમામ કોલેજના આચાર્યશ્રી તેમજ સંસ્થાઓના વડાઓએ ખાસ નોંધ લેવી.

**રીપોર્ટ ડાઉનલોડ કરવા માટેના સ્ટેપ :-**

Year-2020-21 ⟹ Pre-Examination Menu ⟹ Marks ⟹ Practical Marks Template

**ખાસનોંધ:-** **ઉપરોક્ત કામગીરી માટે નોવેલ કોરોના વાઇરસ કોવીડ-૧૯ અંગે સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજિક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.**

AHBapodra
**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૧૧૪/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૦૮/૦૭/૨૦૨૧
**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તરફ...
**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)